સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

આ રેસ પેટ્રોલ-ડિઝલની, નાથવી પડશે!
આ માર મોંઘવારીની પણ, નાથવી પડશે!
નાથવી પડશે વિફરી નાગણ ખાયકીની -
પડી છે પેંધી ભ્રષ્ટ સિસ્ટમ નાથવી પડશે!

હાઈકુ

એન્કૌંટરીયા,
નિર્દોષ સેવકોને -
બંધાણી આશા..

મંજૂરીઓની,
થશે હવે પડાપડી -
કેન્દ્રીય સ્તરે..

ચિંતન

નામ્ભોધિરર્થિતામેતિ સદામ્ભોભિશ્ચ પૂર્યતે । આત્મા તુ પાત્રતાં નેયઃ પાત્રમાયાન્તિ સંપદઃ ॥

'સમુદ્ર, મહાસાગર ક્યારેય ક્યાંક-કોઇ પાસે પાણીની માગણી કરતો નથી તેમ છતાં એને ચારોકોરથી હંમેશાં પાણી મળ્યા જ કરે છે ઠલવાયા કરે છે અને પાણીથી ઉભરાયેલો જ રહે છે. એવી જ રીતે મનુષ્ય પણ જો પોતાની જાતને ઉત્કૃષ્ઠ, લાયક, સદ્‌ગુણી બનાવી દે તો એણે સમૃદ્ધિ મેળવવા ક્યાંય કોઇ પાસે યાચના કરવા જવું ન પડે, સમૃદ્ધિ જાતે જ એમની પાસે આવે છે.'

જે માણસ સજ્જન-સદ્‌ગુણી છે તેની પાસે બીજા બધા જ સદ્‌ગુણો આપોઆપ આવી ઠલવાય છે વિનય-વિવેક-નમ્રતા-દયા-પ્રેમ બધું જ સદ્‌ગુણો સાથે આવી મળે છે.

જેની વૃત્તિ જ દાન-પુણ્ય કરવાની છે વિશાળ હૃદય છે ઉદારતા એમના ઉરમાં છે એની પાસે ધન-સમૃદ્ધિ પણ એને શોધતી, આપોઆપ આવે છે.

અહીં મહાસાગરનું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવામાં આવી છે. અગાધ ભરેલો સમુદ્ર કોઇ નદી પાસે પાણીની યાચના કરવા જતો નથી આમ છતાં બધી જ નદી - જાતે એને શોધતી આવે છે અને એમાં નાચતી-કુદતી-ઉછળતી સમાઇ જાય છે.

સુવિચાર

- એમ લાગે જિંદગીનું વહાણ ચાલ્યું ઝીંઝવે, શી ખબર કે ઝાંઝવું પણ જળ બની વહેતું થશે **- સુરેશ દલાલ**
- સત્ય એ ખ્રિસ્તી, હિંદુ, ગ્રીક કે રશિયન ન જ હોઇ શકે, ઇશ્વરનો પર્યાય સત્ય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- શબ્દને ઓળખવા માટે લય જોઇએ, મનને ઓળખવા માટે વય જોઇએ, વયને ઓળખવા સમય જોઇએ **- ગુણવંત શાહ**
- સુખ ઇચ્છાની પરિપૂર્તિમાંથી જન્મે છે, અને દુઃખ ઇચ્છાની નિષ્ફળતામાંથી જન્મે છે **- જનકલ્યાણ**
- મૌસમનો પહેલો વરસાદ આવે ત્યારે બધા જ કામ પડતાં મૂકી ભીંજાવાની વૃત્તિ જાગે એને જીવતો જણ જાણવો અને એના પર જે અમલ કરી નહાવા નીકળે તેને નશીબદાર જાણવો **- હિતેન આનંદપરા**
- હોંશીયારી અને જ્ઞાન હોય એટલું પૂરતું નથી, પરંતુ એનો યોગ્ય સ્થળ અને સમયે યોગ્ય નિરીક્ષણ સાથે એનો ઉપયોગ કરનાર જ ખરા અર્થમાં હોંશિયાર અને જ્ઞાની ગણાય **- અખંડ આનંદ**
- ગમતા માણસનું મળવું ઉત્સવ હોય છે, નિભાવી લેવા પડતાં માણસનું ન મળવું ઉઝરડો હોય છે **- એસ.એમ.એસ.**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

રાષ્ટ્રભક્તિ અને દેશપ્રેમના સંસ્કાર તો હૃદયમાં જન્મોજન્મથી પડેલા જ હોય છે માત્ર ઇચ્છા અને મનોબળથી એ સંકોરવા પ્રયત્ન કરવો જોઇએ.

બાલગંગાધર તિલક જે 'લોકમાન્ય તરીકે સન્માન પામ્યા. એ અંગ્રેજોના કાળમાં બીએ.એલ.એલ.બી. થયા. અંગ્રેજી કોર્ટમાં ત્યારે ભારતીય ભૂમિકા જાણનારા વકીલોની મોટી માંગ હતી. સરકારી વકીલની નોકરી સરળતાથી મળી જતી વળી એમાં 'પગાર' રૂપિયામાં અને માન-મરતબો પણ વિશેષ હતો.

કુટુંબીજનોને એમ હતું કે બાલગંગાધર હવે સરકારી વકીલની નોકરી સ્વીકારી જ લેશે. પણ સૌના આશ્ચર્ય સાથે તિલકે શિક્ષકની નોકરી સ્વીકારી. આધ્યાત્મિક દૃષ્ટિ અને જીવનને સાચી દિશામાં 'શિક્ષણ' જ લઇ જઇ શકે એ જ એમનો હેતું હતો.

એક આખા બોલા કુટુંબીએ તો ઠપકાની ભાષામાં કહી પણ દીધું - અલ્યા! આખરે માસ્તર બન્યો? આમાં તારું શું દળદર ફીટશે? મરીશ ત્યારે ખાપણ પણ નહીં મળે!!

તિલકે હસતાં હસતાં જવાબ આપ્યો - કાકા, મૃત્યુ પછી 'ખાપણ'ની ચિંતા મારે શા માટે કરવી જોઇએ સુધરાઇ અને જાહેર જનતા પોતે જ કરશે. 'આવી હોય સિદ્ધાંત-નિષ્ઠા.'

Email - sureshchandrabhatt18@gmail.com

જિંદગીમાં ઉત્સાહનો ઇન્ડેક્સ ઊછળે તેવું રોકાણ કરવાની તક

વિચારયાત્રા

- ડૉ. જય ઓઝા

થોડા દિવસ પહેલાં અચાનક ટીવીની ચેનલ્સ સર્ફ કરતાં કરતા એક ચેનલ પર અટકી જવાયું. કેટલાક જાંબાઝ યંગસ્ટર્સ તેમના લીડર જેવા દેખાતા એક યંગસ્ટર સાથે વાઇલ્ડ ફોરેન લોકાલ્સમાં ઊભા-ઊભા તેમના એક સાથીને ચિયર કરી રહ્યા હતા. અત્યંત રોમાંચક અને જીવ અદ્ધર કરીને નાખે તેવું દૃશ્ય હતું એ. નજર હટાવવાનું મુશ્કેલ થઇ જાય. થોડી પળોમાં જ સમજાઇ ગયું કે "ખતરોં કે ખિલાડી" રિયાલીટી શો નો એપિસોડ ચાલી રહ્યો હતો. દરિયામાં એક પોલ જેવી ડિવાઇસ ખૂંપેલી હતી. તેની ઉપર લોખંડનું એક મોટું ચોરસ ચોકઠું ફિટ કરેલું હતું. એ ચોરસ ફ્રેમ માંડ બારેક ઇંચ પહોળી (આપણી બારીની બહારની પાળી હોય એટલી) હતી. તેના ઉપર માંડ આપણાં પગ રહી શકે. વળી દરિયાની ખાસ્સી એવી હાઇટ પર રહેલી એ ફ્રેમ સતત ગોળ ગોળ ફરતી રહેતી હતી. હવા તેજ હોય હાઇટ પર રહેલી એ ફ્રેમ સતત ગોળ ગોળ ફરતી રહેતી હતી. હવા તેજ હોય તો વધુ ઝડપથી ફરતી હતી. જેના ઉપર સ્થિર ઊભા રહેવાનું પણ મહા મુશ્કેલ થઇ પડે એ નેરો પાળી ઉપર સ્પર્ધકે કોઇ પણ સપોર્ટ વગર ચોરસની એ ચારેય બાજુ ઉપર ચાલીને છેક છેલ્લા ખૂણે પહોંચવાનું હતું! તીવ્ર એકધ્યાનપણું અને હિંમત માગી લે તેવો આ ખતરનાક ખેલ હતો. આસપાસ ચોપાસ ફેલાયેલો સમુદ્ર અને આગળ પાછળ કે આજુ-બાજુ પકડવાનું કંઇ જ નહીં! એ પાળી પર અદ્ધર ચાલતાં ચાલતા હવાના ઝોકાથી કે નીચે ઊંડા જળરાશિને જોઇને શરીરનું જરાક જેટલું પણ સંતુલન ખોરવાય કે પગ ડગમગે તો માણસ સીધો ખાબકે નીચે ઊંડા પાણીમાં! ખેલ આટલો જ નહોતો! એ તો એનો પહેલો ભાગ હતો. બીજા ભાગમાં એ જોખમી અંતર પૂરું કરીને ચોરસના છેલ્લા ખૂણાનાં થાંભલા સથે બાંધેલું દોરડું પકડવાનું અને પછી તેના પર સરકતાં સરકતાં નિયત સ્થળે પાછું ફરવાનું હતું. તેમાંય દોરડું હાથથી છૂટી ગયું તો પેલું ઊંડા પાણીમાં ખાબકવાનું જોખમ તો ઊભું જ હતું.

આ ખતરનાક ખેલ એક રૂપાળી યુવતી કરવા ચડી હતી અને પેલી સાંકળી પટ્ટી જેવી પાળી પર પોતાનું સંતુલન જાળવવાની કોશિશ કરી રહી હતી. એ ભયંકર ગભરાયેલી હતી અને નીચે લીડર સામે જોઇને એને હાર માની લીધી. એ બોલી : "હું નહીં કરી શકું!" પણ પેલા લીડરે અને તેના બધા સાથીઓએ એને ચિયર અપ કરી, ખૂબ પાનો ચડાવ્યો અને 'કમોન યુ કેન ડુ ઇટ!' યુ કેન ડુ ઇટ!' ની ચીચીયારીઓથી તેને હિંમત આપી. યુવતીએ ચાલવાની શરૂઆત કરી. ખૂબ ધ્યાનથી ધીરે ધીરે એ પોતાના લક્ષ્યાંક તરફ આગળ વધવા લાગી. નીચેથી 'ધ્યાન સે' 'સંમ્હલ કે', 'હાં પરફેક્ટ, પરફેક્ટ' એવા પ્રોત્સાહક અવાજો ઉઠી રહ્યા હતા. શરૂઆતમાં બધાની આંખો અને ચહેરા પર પથરાઇ ગયેલા ઉચાટની જગ્યા હવે આનંદોત્તેજના લેવા લાગી હતી. અને એ યુવતીએ ચોકઠું પાર કરી લીધું, દોરડું હાથમાં આવી ગયું! આનંદની ચીચીયારીઓથી આકાશ ગુંજી ઊઠ્યું! એ યુવતી પોતાની પ્રતિસ્પર્ધી છે એ હકીકત નીચે ઊભેલાં સ્પર્ધકો જાણે ભૂલી ગયેલાં!

ભલભલા બાહોશ કે મજબૂત માણસને ક્ષત-વિક્ષત કરી નાખી શકે એવી આ ઘટનાઓ માણસની જિંદગીમાં જોખમી મુકામોથી કમ પડકારરૂપ નથી, જેઓ આવી સ્થિતિમાંથી પસાર થતા હોય તેમને માટે તે સમયે કોઇનાં હૂંફ અને હામભર્યા શબ્દો અદ્‌ભુત શાતાદાયી મરહમ જેવા બની શકે

અલ્ટીમેટલી એ યુવતીની દોરડાં પરથી ગ્રીપ છૂટી જતાં એ પાણીમાં પડી ગઇ અને તેનું ટાસ્ક અધુરું રહ્યું. પરંતુ એ યુવતી જયારે પાછી ફરી ત્યારે તેને કબુલ્યું કે એ તો ઉપર જઇને હિંમત હારી જ ગયેલી. ઊંચાઇ અને પાણી બંને ચીજોનો તેને ફોબિયા હતો. પાણી જોઇને તેને ચક્કર અને મોળ આવવા લાગ્યા હતા. અને ઊંચાઇથી તો એને એટલી બધી ગભરામણ થાય છે કે તેનું ઘર પણ નાચલા ફ્લોર પર જ પસંદ કર્યું છે. પરંતુ નીચેથી તેના સૌ સાથીઓ લીડરના પ્રોત્સાહક શબ્દો અને સૂત્રોએ તેનામાં જાણએ આત્મવિશ્વાસનો સંચાર કર્યો હતો અને તે આ જોખમી સ્ટન્ટ કરી શકી હતી. એ ખુશ હતી કે તેના ડરને હંફાવીને એક એવું અઘરું સાહસ તેણે કરી બતાવ્યું હતું જેની તે કદી કલ્પના પણ ન કરી શકી હોત! અનન્ય આત્મવિશ્વાસ અને સંતોષથી એ સભર-સભર બની ગઇ હતી.

એ ખેલ જોઇને વિચાર આવ્યો કે જિંદગીમાં વિશેષ રોમાંચ અને રોચકતાં લાવવા કેટલાંક લોકો આવા ખતરનાક ગેઇમ શોઝમાં ભાગ લે છે તો કેટલાક વીરલા સાચકલા સાહસ ખેડવા નીકળી પડે છે. સામે ચાલીને જોખમને ભેટવા જનારા આ લોકો પોતાના ડર અને મર્યાદાઓને પડકારી શકે છે એ ખરૂં, પણ ઉપર પેલી યુવતીના કિસ્સામાં જોયું તેમ ઘણીવાર સહયાત્રીઓનાં જૂસ્સાભર્યાં અને હામભર્યાં શબ્દો જ તેમનામાં એવી પ્રપંડ ઊર્જા ભરી દે છે જે ભલભળા જોખમો ખેડવા તેમને સક્ષમ બનાવી દે છે. હારીને મેદાન છોડી જવાની પળે તેમને રણમેદાનમાં ખોડી રાખે છે અને એ જંગમાં ઝંપલાવે છે. એટલું જ નહીં, તેમાંથી પાર પણ ઊતરે છે. આ તો થઇ સાહસપ્રેરિત ખેલની વાત. પણ જિંદગી શું કોઇ કમ સાહસિક ખેલ છે? કેવા કેવા જોખમો અણધાર્યા અને અનપેક્ષિત આવી ચડે છે? અકસ્માત, હોનારત, સ્વજનોની અણધારી વિદાય, જાન કે માલની નુકશાની, છેતરપીંડી, નિષ્ફળતા... આવાં તો કેટલાંય દુઃખદ મુકામો ગણાવી શકાય. આ કે આના જેવી અન્ય કોઇ પણ ઘટના માણસને ભાંગી નાખવા કે વેરવિખેર કરવાની તાકાત ધરાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો ભલભલા બાહોર કે મજબૂત માણસને ક્ષત-વિક્ષત કરી નાખી શકે એવી આ ઘટનાઓ માણસની જિંદગીમાં જોખમી મુકામોથી કમ પડકારરૂપ નથી. અને જેઓ આવી સ્થિતિમાંથી પસાર થતા હોય તેમને માટે તે સમયે કોઇના હૂંફ અને હામભર્યા શબ્દો અદ્‌ભૂત શાતાદાયી મરહમ જેવા બની શકે. કોઇ વ્યક્તિ ક્યારેય જિંદગીના પડકારોથી ડરી જાય કે થાકીને માણસ બાજી હારી ગયાની લાગણી અનુભવતી હોય ત્યારે તેને પેલી યુવતીના સાથીઓ જેવી હૂંફ અને હિંમત આપનારું કોઇ મળી જાય તો! ક્યારેક આપણે એવી હૂંફ મેળવવાની પરિસ્થિતિમાં હોઇએ તો ક્યારેક કોઇને આપણે સધિયારો બનવાની સ્થિતિમાં હોઇએ. એને વખતે આપણે ચાહે અન્ય કોમ કામ કે રોકાણમાં વ્યસ્ત હોઇએ તો પણ એ સમયે આપણા શબ્દોની કેવી પ્રચંડ અસર થઇ શકે તેની કલ્પના કરીને એવી વ્યક્તિને એન્કરેજ કરી શકીએ તો એ એક ઉમદા પુણ્યકાર્ય પુરવાર થઇ શકે. પણ ઘણીવાર આપણે પોતાનામાં જ એટલા રચ્યા-પચ્યા રહેતા હોઇએ છીએ કે એવી તક ચૂકી જઇએ છીએ. બીજો એક વિચાર એ પણ આવ્યો કે ચાર આપણી નજર સામે માણસ જેવો માણસ નાસીપાસ થઇને જિંદગીથી હારી જાય, અને આપણે જાણતા હોઇએ કે આપણાં હૂંફાળા બે શબ્દો કે આત્મીયતામાં તેને એ ઉદાસીની ખીણમાંથી બહાર ખેંચી કાઢી લાવવાની શક્યતા છે, તે પછી પણ આપણે જો આપણી મૂડીનો ઉપયોગ કરવાને બદલે તેને ડાબલામાં ભંડારી રાખીએ તો એ આપણી કેવી કંજૂસાઇ! એ માટે પછી વસવસો ન થાય? જે રોકાણ થકી આશાની નિરાશા પર અને હિંમતની નબળાઇ ઉપર જીત થાય અને જિંદગીમાં ઉત્સાહનો ઇન્ડેક્સ ઉછળે તેવું રોકાણ કરવાની તક કોઇ હોંશિયાર માણસ ગુમાવે?

માનવ જાતના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ હોય તો છે તે "મા"

ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુલાલ ભટ્ટ

મા વિશે ખલીલ જીબ્રાને સરસ વાત કરી છે. માનવીના હોઠ ઉપરનો સૌથી સુંદર અને લાગણીસભર શબ્દ હોય તો તે છે "મા". મા વિષે કહેવત છે કે મા એ મા બીજા વગડાના વા. ભગવતીકુમાર શર્માએ મા વિષે રચેલા કાવ્ય ઉપર નજર નાખીએ.

"મા" મારી પહેલી અને છેલ્લી મિત્ર
આપણા હોઠો પરની દૂધિયા ગંધ એની છાતીમાં અકબંધ.
એના ખોળામાં આપણા પેશાબની ગંધ
એ સાથે જ લઇને જાય ઇશ્વર પાસે
અને ઇશ્વર સુગંધ સુગંધ.

બાળકના જન્મથી માંડીને તે યુવાવસ્થામાં પ્રવેશ અને પ્રૌઢાવસ્થામાં પ્રવેશે ત્યાં સુધી મા એ તેની પ્રથમ અને છેલ્લી મિત્ર રહે છે. આપણને છાતીએ વળગાડીને હેતપૂર્વક બાળપણમાં સ્તનપાન કરાવે છે અને જે ધાવણ ધાવીએ છીએ તેની દૂધીયા ગંધ આપણા હોઠો ઉપર છવાઇ રહે છે અને માની છાતીમાં આ દૂધિયા ગંધ અકબંધ છવાઇ રહે છે. આપણને નાનપણમાં ખોળામાં લઇને ધવરાવતી હોય ત્યારે પેશાબ કરીએ છીએ અને તેના ખોળામાં પેશાબની ગંધ છવાઇ રહે છે. એ દૂધીયા ગંધ અને પેશાબની ગંધ લઇને સ્વર્ગે સીધાવે ત્યારે સ્વર્ગમાં ઇશ્વર પણ સુગંધ સુગંધ થઇ જાય છે. જન્મ દેનાર મા જયારે તેના વહાલ સોયા સંતાનોને નાનપણમાં રામભરોસે છોડીને સ્વર્ગમાં પરાયણ કરે ત્યારે એ સંતાનો મોટા થતાં તેની સ્વર્ગસ્થ માતાનું સ્મરણ પીડાદાયક હોય છે.

જગતમાં માતા જેવી કોઇ છત્રછાયા નથી
માતા જેવી કોઇ ગતિ નથી
માતા જેવું કોઇ રક્ષણ નથી
માતા જેવી કોઇ પરબ નથી

મા પોતાના પ્રાણને નીચોવીને સ્નેહની વર્ષા તેના સંતાનો ઉપર વરસાવે છે.

સ્વર્ગસ્થ માને પ્રાર્થના.
હે મા અમારા શ્વાસેશ્વાસે તારૂં નામ રહેશે
હે માં અમે તો સંઘર્ષોને પાર કરીને મોટા થયાં
તો એ સંઘર્ષોને પાર કરવાની તાલીમ તો તું
સ્વર્ગમાં બેઠી બેઠી અમને આપતી હશે ને!

હે માં સંજોગો જયારે વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે અમને સ્વર્ગમાં બેઠી બેઠી શીખવતી રહેજે. હે મા બધી બાબતો અવળી પડતી હોય ત્યારે હાસ્ય અને આનંદ અમે ગુમાવીએ નહિ એવી તાકાત અમને સ્વર્ગમાં બેઠી બેઠી શીખવતી રહેજે.

હે માં પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે શાંતિ કેમ ટકાવી રાખવી તે અમને સ્વર્ગમાં બેઠી બેઠી શીખવતી રહેજે.

હે માં ચારે બાજુએથી મુશ્કેલીઓ ઘેરી વળે, અમારો આત્મવિશ્વાસ ડગુમગુ થઇ જાય, નિરાશામાં મન ડૂબી જાય ત્યારે ધીરજ અને શાંતિથી તારી કૃપાથી પ્રતિક્ષા કેમ કરવી તે અમને સ્વર્ગમાં બેઠી બેઠી શીખવતી રહેજે.

મા માટે કહેવાય છે કે ભોજન તો માના હાથનું અને શિક્ષણ તો માતાના હૃદય અને મુખ થકી.

- મા એ થાક્યાનો વિસામો છે
- મા એ હારેલાની હામ (તાકાત) છે
- મા એ શાંતિનું પરમધામ છે
- ઇશ્વર જયારે સજા કરે ત્યારે મા માફ કરે છે મા પોતે અંદરથી ભલે વ્યથા અનુભવતી હોય પરંતુ પોતાના સંતાનોને તો હંમેશાં પ્રસન્નતાના દર્શન કરાવતી રહે છે.

જેમ ગોળ વીના મોળો કંસાર
તેમ માતા વીના સૂનો સંસાર
મા એટલે અખૂટ રીતે વહેતું પ્રેમનું ઝરણું
જગતમાં એક મહાન તીર્થધામ છે
મા એ ત્યાં બધા જ તીર્થધામો હાજરાહજુર છે
અબ્રાહમ લિંકને કહેલું કે હું જે કાંઇ બન્યો છું તે મારી માતાને આભારી છે.
મા એ પવિત્રતાની પરબ સમાન છે
મા એ સ્નેહની સરીતા સમાન છે
મા એ સુખના સાગર સમાન છે
મા એ જગતના તમામ ગ્રંથોનો સાર છે

જેને કોઇ ઉપમા આપી ના શકાય એનું નામ છે "મા". જેને કોઇ સીમા નથી તેનું નામ છે "મા". જેને ક્યારેક પાનખર નડી નથી એનું નામ છે "મા".

મા વિશે કવિઓ-લેખકો સાહિત્યકારો આ બધાએ ઘણી બધી વાર્તા લખી છે. સંતાનો તેની માને ઉદ્દેશી કહે છે કે - હે માં તારા ઉપકાર અમે કદી ભૂલીશું નહીં તું ભીનામાં સુતી અને અમને સુકામાં સુવડાવતી અમારા માથે લાગણીસભર હાથ ફેરવતી. રાતે ઝબકી ઝબકીને જાગીને અમારી સંભાળ લેતી પાળીપોષીને અમને મોટા કર્યા. છતાંયે અમે તો તારી પાસે નાનકડા બાળ.

પહેલાં આંસુ આવતા ત્યારે મા યાદ આવતી હવે જયારે સ્વર્ગસ્થ મા યાદ આવે ત્યારે આંસુ આવે છે. 'મા' નો ખોળો એટલે દુનિયાની સૌથી સલામત જગ્યા, મા એ તો એક અક્ષરનું મહાકાવ્ય છે. ઇશ્વર સદેહે બધે પહોંછી શકે નહીં એટલે ઇશ્વરે માનું સર્જન કર્યું છે.

મહાભારતમાં કહ્યું છે કે બધા ગુરૂઓમાં સર્વશ્રેષ્ઠ ગુરૂ તો મા જ છે. સંતાનોની યશસ્વી ઉજ્જવળ કારકિર્દી એ જ માતાની નિરંતર ઝંખના હોય છે.

(નરેન્દ્ર મોદીના માતૃશ્રી હીરાબાની આ ઝંખનાએ તેને વડાપ્રધાન પદે પહોંચાડ્યા છે)

મા એટલે ત્રિમૂર્તિ
- ધૈર્યમૂર્તિ
- ક્ષમામૂર્તિ
- કરૂણામૂર્તિ

સવારમાં ઉઠીને માના દર્શન કરશો તો તે ઇશ્વરના દર્શન સમાન છે. જે સંતાનોએ નાનપણમાં માતા ગુમાવી હોય તેઓ સ્વર્ગસ્થ માને સંબોધીને કહે છે કે હે મા અમને તો તું રીંસાવાનું શીખવ્યા વગર જ સ્વર્ગે સીધાઇ ગઇ. તું અમને સ્વપ્નામાં આવીને રીંસાવાનું શીખવજે હો. પછી અમે રીંસાઇશું ને તું અમને મનાવજે હો...

નાનું સંતાન હજુ ચાલતા દોડતા શીખ્યું નથી
પણ ચાલતા કે દોડતા નાનું સંતાન
પડે આખડે ત્યારે મા બોલી ઉઠે છે
ખમ્મા મારા બેટા.

મા એક એવી ઋતુ છે કે જેને કદી પાનખર આવતી નથી.

જગતમાં તમારી માતૃભાષા કઇ છે તે પૂછવામાં આવે છે નહિં કે પિતૃભાષા...

કારણ મા બાળપણથી તેના સંતાનને કાલી કાલી ભાષામાં બોલતા શીખવાડે છે. મા જે ભાષા બોલે છે તે ભાષા તેનું સંતાન બોલે છે એટલે તે તેની માતૃભાષા બને છે.

જો બુદ્ધિ શુભ હોય અને વિચારોમાં પરિપક્વતા હોય તો આપણા વાણી, વર્તન તથા વ્યવહારમાં પણ પરિપક્વતા આવે છે

સંસ્કાર ચિંતન

અનંત ન. વ્યાસ

શ્રિય પ્રદુગ્ધે, વિપદો સળદ્ધિ, યશાંસિ સૂતે, મલિનં પ્રમાષ્ટિ । સંસ્કાર શૌચેન, પુરં પુનિતે, શુદ્ધા હી બુદ્ધિ કિલ કામધેનુ ॥

શુદ્ધ બુદ્ધિયુક્ત પવિત્ર વિચારો ખરેખર કામધેનુ ગાય જેવા છે. આ વિચારધારા સંપત્તિનું દોહન કરે છે. વિપત્તિને રોકે છે, મલિનતાને સાફ કરે છે અને સંસ્કારથી અન્યને પવિત્ર કરે છે.

- સુભાષિત

આપણા પુરાણોમાં જે ભવ્ય તથા આકર્ષક કલ્પનાઓ છે તેમાં કલ્પવૃક્ષ તથા કામધેનું - ગાયની કલ્પના સૌથી વધારે પસંદ પડે તેવી છે. કલ્પવૃક્ષમાં એ વૃક્ષ નીચે બેસનાર મનમાં જે ચિંતવે તે સાકાર થાય છે. જયારે કામધેનુ પાસે માગીએ એ મળે. કલ્પવૃક્ષ આપણા વિચારોને મૂર્તરૂપ આપે છે. કલ્પનાને જીવન દે છે. પણ મનની કલ્પનાઓ તો સર્જનાત્મક પણ હોય. વિધ્વસંક પણ હોય. તેથી કલ્પવૃક્ષ નીચે બેસી કલ્પના કરવી તે મોટા ભાગે તો નુકશાનકારક જ થાય છે. એક બાળવાર્તાનો નાયક. જંગલમાં ભુલો પડ્યો. એક સારા - વૃક્ષ નીચે તે આરામ કરવા અટક્યો. તેને થયું.... હાશ હવે એકાદ પ્યાલો ઠંડુ પાણી મળી જાય... ત્યાં તો પાણીનો પ્યાલો આવી ગયો... આ કલ્પવૃક્ષ છે તેમ જાણ થતાં ભોજન ઇચ્છ્યું. આરામ માટે પલંગની ઇચ્છા કરી તો તરત તમામ પ્રાપ્ત થયું. પલંગ પર આરામ કરતાં જંગલ તરફ જોયું. તેને ભય લાગ્યો. આ જંગલમાં તો વાઘ હોય. વાઘ આવી મને ખાઇ જશે તો અને વાઘ આવી ગયો. મનના વિચારે તેનો વિનાશ કર્યો. ભગવાન બહુ હોંશિયાર છે. આ કલ્પવૃક્ષ તથા કામધેનુની ભેટ તેણે માનવજાતને આપી છે. આપણું મન એ કલ્પવૃક્ષ છે તો શુભ બુદ્ધિ એ કામધેનું સમાન છે. શ્રુતિમાં પણ મનની બે વૃત્તિઓનો સ્પષ્ટ ઉલ્લેખ છે. મન નકારાત્મક રીતે તથા હકારાત્મક રીતે વિચારી શકે છે. તમામ પ્રકારના નકારાત્મક વલણો મનમાં પડેલ અસદ્ વૃત્તિને આભારી હોય છે. આ નકારાત્મક વિચારો વંઠી ગયેલાં. હઠીલા બાળકો જેવા અથવા તો અવળે માર્ગે ચડી ગેયલા યુવાનો જેવા હોય છે. વડીલો વારંવાર સમજાવે પણ બાળક પોતાની હઠ ન છોડે તેમ મનને વારંવાર સમજાવવા છતાંએ નકારાત્મક વિચારો જ વધારે આવે છે. આપણી સતત અનિચ્છા હોવા છતાં મન નકારાત્મક કે ખંડનાત્મક ભાવ પ્રતિ ખેંચાય છે. નકારાત્મક વલણોના કારણે વ્યક્તિ પોતાની પાસે જે છે તેનો પણ ઉપભોગ નથી કરી શકતી. આવી વ્યક્તિઓમાં આત્મ-વિશ્વાસનો અભાવ જોવા મળે છે. સામી વ્યક્તિ મારું અહિત જ કરશે તેવું તેઓ માનતા હોય છે. સૌ પ્રત્યે શંકાશીલ રહેવાને કારણે તેનું વર્તન અવ્યવહારું તથા અપ્રિય થઇ જાય છે. તેઓની લાગમી ક્યારેય સંતોષાતી નથી પરિણામે તેઓ અતૃપ્તિ અનુભવે છે. તેનું અતૃપ્ત મન સદા ફરિયાદ કરતું હોય છે. કોઇ મને સમજતું નથી. સૌ મારી મજાક ઉડાવે છે. આવા લોકો પોતે તો દુઃખી થાય છે પણ અન્યને પણ દુઃખી કરે છે. નકારાત્મક વૃત્તિના ચરણે જનારનું, તેની શરણાગતિ સ્વીકારનારને અંતે પતન થાય છે. આવી વ્યક્તિએ પ્રગતિ સાધવી હોય તો પોતાનું વલણ બદલવું પડે. વિચારધારા બદલવા સંકલ્પશક્તિ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉત્સાહહિનતાનું જન્મસ્થાન મન છે. ત્યાં પરિવર્તન લાવવું જોઇએ. નકારાત્મક વિચારોના કારણે થતાં નુકશાનને જાણ્યા પછી જ સકારાત્મક વલણોથી થતા ફાયદાઓ સારી પેઠે સમજી શકાય. શુદ્ધ બુદ્ધિ તો ઔષધ સમાન છે. આપણા ઋષિમુનિઓએ તેની સરખામણી કામધેનું સાથે અસમતી નથી કરી. આજે આપણે આ બુદ્ધિ વડે કામધેનુ - જે કંઇ કામ આપી શકે તેટલું તમામ લતા પ્રકૃતિ પાસેથી પ્રાપ્ત કરીએ છીએ. આપણા ગાયત્રી મંત્રમાં પણ સદ્‌બુદ્ધિ મળે, સન્માર્ગે ચાલીએ તેવી પ્રાર્થના છે. યર્જુવેદમાં અમારી બુદ્ધિ શુભ અને કલ્યાણકારી સંકલ્પો કરતી થાઓ, તેવી વિનંતી છે. જીવન દરમિયાન ઊભી તતી વિષમ પરિસ્થિતિમાં તીવ્ર બુદ્ધિ દ્વારા જ પરિવર્તનો લાવી શકે છે બાહ્ય વિશ્વમાંથી વિવિધ વિચારોનો સતત મારો આપણા આ આંતર મન ઉપર થતો રહે છે. નકામા, નઠારા તથા નુકશાનકારક વિચારો મનમાં ન ઘુસી જાય તે માટે વિચાર ગળવા ગરણીની જરૂર છે. પ્રખર બુદ્ધિશાળી માનવી પણ જો પોતાની બુદ્ધિને કુમાર્ગે વાપરે તો અવશ્ય પતન પામે.

આપણો મૌલિક સકારાત્મક વિચાર - જો તમારા પ્રકારની ગ્રંથિઓની મુક્ત હોય તો નવો જ માર્ગ કંડારી શકે છે. જો બુદ્ધિ શુભ હોય અને વિચારોમાં પરિપક્વતા હોય તો આપણા વાણી, વર્તન તથા વ્યવહારમાં પણ પરિપક્વતા આવે છે. શુદ્ધ બુદ્ધિ અવશ્ય સંપત્તિ ખેંચી લાવે છે. ક્યારેક નકારાત્મક અભિગમ ન અપનાવો વિચાર તથા વર્તનમાં ફેર પડે તો દુઃખી થવાય જ, માટે આપણા વિચારને વફાદાર રહેવું.

(ક્રમશઃ)